અપીલ અરજી નં.૩૭૨ તા.૨૨–૧–૧૦

અરજદારઃ– શ્રી ડી.સી. ભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડી.સી. ભટ્ટની તા.૧૮–૧૨–૦૯ ની અરજીથી (૧) મારૂતી ઈન્ડસ્ટ્રીઅલ સોસાયટી, દક્ષેશ્વર મંદિર પાસે, ભેદવાડ–દરગાહ પાછળ, પાંડેસરા, સુરત ખાતે પ્લોટ નં.સી–૧૩,૧૪,૧૫, સી–૩૯,૪૦, સી–૪૯,૫૦ તથા સી–૫૧,૫૨ નંબરના પ્લોટો પર હાલમાં ચાલી રહેલ બાંધકામની પરવાનગી એસ.એમ.સી. ધ્વારા આપવામાં આવેલ હોય તો પરવાનગી પત્રોની સર્ટીફાઈડ નકલ આપવા કેટલા ચોરસફૂટ બાંધકામની પરવાનગી અપાયેલ છે તથા કેટલા માળની પરવાનગી અપાયેલ છે. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૭૨/૨૦૦૯–૧૦

શ્રી ડી.સી. ભટ્ટની તા.૧૮–૧૨–૦૯ ની અરજીથી (૧) મારૂતી ઈન્ડસ્ટ્રીઅલ સોસાયટી, દક્ષેશ્વર મંદિર પાસે, ભેદવાડ–દરગાહ પાછળ, પાંડેસરા, સુરત ખાતે પ્લોટ નં.સી–૧૩,૧૪, ૧૫, સી–૩૯,૪૦, સી–૪૯,૫૦ તથા સી–૫૧ ,૫૨ નંબરના પ્લોટો પર હાલમાં ચાલી રહેલ બાંધકામની પરવાનગી એસ.એમ.સી. ધ્વારા આપવામાં આવેલ હોય તો પરવાનગી પત્રોની સર્ટીફાઈડ નકલ આપવા કેટલા ચોરસફૂટ બાંધકામની પરવાનગી અપાયેલ છે તથા કેટલા માળની પરવાનગી અપાયેલ છે. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી એપેલેટ ઓફિસરને તા.૨૨–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૪૬ તા.૨–૨–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી કે આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને તા.૧૯–૧–૧૦ ના રોજ પાઠવેલ પ્રત્યુત્તરની નકલ મુળ અરજીની નકલ સહ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૮–૧૨–૦૯ ની અરજીથી (૧) મારૂતી ઈન્ડસ્ટ્રીઅલ સોસાયટી, દક્ષેશ્વર મંદિર પાસે, ભેદવાડ–દરગાહ પાછળ, પાંડેસરા, સુરત ખાતે પ્લોટ નં.સી–૧૩,૧૪, ૧૫, સી–૩૯,૪૦, સી–૪૯,૫૦ તથા સી–૫૧ ,૫૨ નંબરના પ્લોટો પર હાલમાં ચાલી રહેલ બાંધકામની પરવાનગી એસ.એમ.સી. ધ્વારા આપવામાં આવેલ હોય તો પરવાનગી પત્રોની સર્ટીફાઈડ નકલ આપવા કેટલા ચોરસફૂટ બાંધકામની પરવાનગી અપાયેલ છે તથા કેટલા માળની પરવાનગી અપાયેલ છે. તે જણાવશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મારૂતી ઈન્ડસ્ટ્રીઅલ સોસાયટી, દક્ષેશ્વર મંદિર પાસે, ભેદવાડ–દરગાહ પાછળ, પાંડેસરા, સુરત ખાતે પ્લોટ નં.સી–૧૩,૧૪, ૧૫, સી–૩૯,૪૦, સી–૪૯,૫૦ તથા સી–૫૧,૫૨ નંબરના પ્લોટો પર હાલમાં ચાલી રહેલ બાંધકામની પરવાનગી હાલ તુરંત કોઈ પરવાનગી આપવામાં આવેલ નથી પરંતુ મારૂતિ ઈન્ડ. સોસા. મોજે પાંડેસરાના રે.સ. નં.૧૩/એ,૧૪/૧,૧૪/૨,૧૫,૧૬/૧,૧૬/૨,૧૬/૩,૨૧/૧,૨૧/૨, ૨૨,૩૫ અને ૧૧૪ માં આવેલ છે. જેમાં મારૂતિ ઈન્ડ.સોસા.ના લે આઉટ પ્લાનના બાંધકામની વિકાસ પરવાનગીની મંજુરી અત્રેના પત્ર નં.ટીડીઓ/૧૪૮ તા.૧૪–૧૦–૦૪ થી આપવામાં આવેલ છે. જેમાં ગ્રાઉન્ડ ફલોર + બે માળનું આયોજન મંજુર કરવામાં આવેલ છે. તેવી માહિતી આપેલ છે. (૨) સદરહુ બાંધકામની/વધારાના બાંધકામની પરવાનગી એસ.એમ.સી. એ ન આપેલ હોય તો શું તેવું બાંધકામ ગેરકાયદેસર કહેવાય? તો તે બાબતે કઈ કાર્યવાહી કયારે કરવામાં આવશે તે જણાવશો તથા આજ દિન સુધી શા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી તે જણાવશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ બાંધકામની/વધારાના બાંધકામની પરવાનગી અત્રેથી આપવામાં આવેલ ન હોય તેવું બાંધકામ ગેરકાયદેસર જ કહેવાય તેમ છતાં તે બાબતે અત્રેથી સ્થળ તપાસ કરી કાયદેસરતા તપાસવામાં આવશે. તેવી માહિતી આપેલ છે. (૩) સદરહુ બાંધકામ કયા જુની. ઈજનેરશ્રી, ડે.ઈજનેરશ્રીના તાબા હેઠળ સુપરવીઝન હેઠળ આવે છે તે જણાવશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ બાંધકામ જુની. ઈજનેર શ્રી જોષી તથા ડે.ઈજનેરશ્રી ક્રિશ્ચયનના તાબા હેઠળ, સુપરવીઝન હેઠળ આવે છે. તેવી માહિતી આપેલ છે. જયારે અરજદારે અપીલ અરજીમાં માંગેલ માહિતી નિયત સમયગાળામાં આપવામાં આવેલ નથી એવું અપીલ તબકકે જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી પ્રત્યુત્તર નિયત સમય અવધિ બાદ દિન–૩ ના વિલંબથી જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ વિગત પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.તેમ છતાં અરજદારની અપીલમાંની માહિતી નહીં મળ્યાની રજૂઆતને અનુલક્ષી પુનઃ તેની નકલ અરજદારને મોકલી આપવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડી.સી. ભટ્ટ,